

મોડાસામાં ગાજવીજ સાથે ધોધમાર વરસાદ ઠેર-ઠેર પાણી ભરાયા

અરવલ્લી જિલ્લા સહીત મોડાસા શહેરમાં મંગળવારે સાંજના પ:૩૦ વાગ્યાના સુમારે વાતાવરણ માં એકાએક પલટો આવતા આકાશે કાળા ડિબાંગ વાદળો ઘેરાઈ આવ્યા બાદ થોડીકજ મિનિટોમાં કડાકા-ભડાકા સાથે મેઘરાજા એ ધમાકેદાર એન્ટ્રી કરતા મન મૂકીને વરસતા ઠેર-ઠેર પાણી ભરાયા હતા સાંજના પ:૩૦ વાગ્યાના સુમારે રાત્રી જેવો માહોલ સર્જાતા વાહનચાલકો એ વાહનોના લાઈટ ચાલુ કરવાની ફરજ પડી હતી અચાનક પડેલા સાંબેલાધાર વરસાદ થી જનજીવન સ્થગિત થયી ગયું હોય તેવો માહોલ પેદા થયો હતો અસહ્ય બફારા અને કાળઝાળ ગરમીથી લોકોએ રાહત અનુભવી હતી વરસાદી વાતાવરણ બનતાજ વીજળી ડૂલ થયી જતા લોકોમાં ભારે રોષજોવા મળ્યો હતો.

મોડાસાની શ્રીમતી વી.વી. શાહ એમ.એસ.સી. કોલેજમાં શિક્ષકદિન ઉજવાયો

શ્રીમતી વી.વી. શાહ એમ.એસ.સી. (સી.એ. એન્ડ આઈટી) કોલેજમાં ડૉ. સર્વપલ્લી રાધાકૃષ્ણના માનમાં શિક્ષકદિનની ઉજવણી કરાઈ હતી. તેમાં સૌ વિદ્યાર્થીઓએ ઉલ્લાસભેર ભાગ લીધો હતો.

કાર્યક્રમ દરમ્યાન કોલેજના માનદ્ મંત્રી અરવિંદભાઈ જે. મોદી તેમજ એમ.એસ.સી. (સી.એ. એન્ડ આઈ.ટી.) કોલેજના કા. આચાર્ય પરિમલ એમ. શાહ હાજર રહી વિદ્યાર્થીઓને ઈનામ આપી પ્રોત્સાહન પુરૂ પાડ્યું હતું. આ સમગ્ર કાર્યક્રમનું આયોજન પ્રો. આકાશગીરી જે. ગોસ્વામી અને પ્રા. ધાત્રી એમ. પ્રજાપતિ દ્વારા કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે કાર્યક્રમના સફળ આયોજન બદલ કોલેજના માનદ્મંત્રી આચાર્ય તેમજ સ્ટાફ મિત્રોને અભિનંદન પાઠવ્યા હતા.

અરવલ્લીના ધનસુરામાં વરસાદ વીજળીના કડાકા અને પવન સાથે વરસાદ વરસ્યો હતો. ધનસુરા પંથકમાં છેલ્લા બે દિવસથી વરસાદ વરસતા લોકોમાં અનેરો ઉત્સાહ જોવા મળ્યો હતો અને ગરમીથી રાહત અનુભવી હતી.

અરવલ્લી જિલ્લા કલેક્ટરે બ્લ્યુ વ્હેલ ગેમ પર પ્રતિબંધ લગાવતું જાહેરનામું પ્રસિદ્ધ કર્યું

બ્લ્યુ વ્હેલ ગેમે સમગ્ર દેશ અને ગુજરાતમાં હાહાકાર મચાવ્યો છે અને ખાસ કરીને તરુણો ને તેની માયા જાળ માં ફસાવી આત્મહત્યા કરવા સુધી મજબૂર કરતી હોવાથી અને ગુજરાતમાં બ્લ્યુ વ્હેલ ગેમ રમી ૩ થી વધુ યુવાન અને બાળકોએ આત્મહત્યા કરી લેતા અરવલ્લી જિલ્લા કલેક્ટર શાલિની અગ્રવાલે બ્લ્યુ વ્હેલ ગેમ પર પ્રતિબંધ ફરમાવતું જાહેરનામું પ્રસિદ્ધ કર્યું હતું.

બ્લ્યુ વ્હેલ ગેમ,બ્લ્યુ વ્હેલ ચેલેન્જ વગેરે નામોથી સોશિયલ મીડિયા પ્લેટફોર્મ તથા ઈન્ટરનેટનો વિવિધ કોમ્યુનિકેશન પ્લેટફોર્મનો ઉપયોગ કરી ક્યુરેટર/ એડમિનિસ્ટેટર બની યુવાનો અને તરુણો ને આત્મહત્યા માટે દુષ્પ્રેરિત કરવામાં આવી રહ્યા છે જિલ્લા મેજિસ્ટ્રેટ અરવલ્લી દ્વારા ફોજદારી કાર્યરીતી અધિનિયમ ૧૯૭૩(૧૯૭૪ના નં-૨) ની કલમ ૧૪૪ તથા પોલીસ અધિનિયમ ૧૯૫૧ ની કલમ ૩૭(૩) હેઠળ અરવલ્લી જિલ્લામાં જાહેર સલામતી અને સુરક્ષાને લક્ષમાં લઈ કાયદો અને વ્યવસ્થાની સ્થિતિ જળવાયી રહે તે હેતુસર એવા કોઈ પણ પ્લેટફોર્મ(બ્લ્યુ વ્હેલ ગેમ કે બ્લ્યુ વ્હેલ ચેલેન્જ વી) મારફતે ક્યુરેટર કે એડમિનીનીસ્ટ્રેટર ના રોલ પ્લ્યે કરવા,આત્મહત્યા માટે ઈન્ટરનેટના માધ્યમથી દુષ્પ્રેરિત કરવા અથવા એલ ગેમ કોમ્યુનિકેશન માં ભાગ લેવા કે તેમાં મદદરૂપ થવા પ્રતિબંધ જાહેર કર્યો છે

સાથે સાથે અરવલ્લી જિલ્લામાં અન્ય કોઈ પણ વ્યક્તિ એવી ગતિવિધિમાં ભાગલે છે એવું ધ્યાને આવેતો નજીકના પોલીસ સ્ટેશનમાં તુરંત જાણ કરવાની ફરજ અદા કરવાની રહેશે તેવું જાહેરનામું પ્રસિદ્ધ કરવામાં આવ્યું હોવાનું કલેકટર યાદીમાં જણાવાયું છે.

આગીયા ગામમાં નવરાત્રી ચોકમાં ગટર ઉભરાઈ

ખેડબ્રહ્મા, તા. ૧૨

ખેડબ્રહ્મા તાલુકાના આગીયા ગામમાં આવેલ નવરાત્રી ચોકમાં છેલ્લા પંદર દિવસથી ગંદા પાણીની ગટર ઉભરાય છે, જે ગંદુ પાણી નવરાત્રી ચોકમાં જ ભરાય છે. જેને લઈ પારાવાર ગંદકી થઈ રહી છે.

આગામી સમયમાં નવરાત્રી મહોત્સવ આવતો હોઈ ગામના હિંમતસિંહ કે. વાઘેલાએ ગ્રામ પંચાયતમાં વારંવાર રજૂઆત કરી હોવા છતાં કોઈ જ કાર્યવાહી કરવામાં આવતી નથી. નવરાત્રી ચોકમાં દુકાન ધરાવતા સત્તારભાઈ વી. મનસુરીના જણાવ્યા અનુસાર ચોકમાં નવરાત્રી થાય છે અને હવે નવરાત્રી આવશે પરંતુ કોઈ સાફ સફાઈ કરવામાં આવતી નથી. હાલમાં રોગચાળો ફેલાતો હોવા છતાં ગ્રામ પંચાયત દ્વારા ગટર રીપેર કરવામાં આવતી નથી. વધુમાં આ ગટરનું પાણી ગામના તળાવમાં ભળતુ હોઈ મોટો રોગચાળો ફેલાવાની દહેશત સેવાઈ રહી છે.

મેઘરજમાં પંચાયતના સ્ટ્રીટલાઈટ રિપેર કરવાની ગાડી જીવંત તારને અડકી જતાં વીજ તાર તુટ્યો

અરવલ્લી જિલ્લાના મેઘરજ નગરમાં ચોમાસામાં વરસાદ પડ્યા બાદ બજારમાં લગાવેલ અમુક સ્ટ્રીટલાઈટો બંધ થઈ ગયેલ હતી અને સોમવારના રોજ બજારમાં બંધ થયેલ સ્ટ્રીટલાઈટો રિપેર કરવાનુ કામ પંચાયતના હેલ્પર દ્વારા ચાલુ હતુ ત્યારે મેઘરજ ખેતીવાડી માર્કેટ આગળ સ્ટ્રીટલાઈટ રિપેર કરવાની ટાયરવાળી ઘોડી અચાનક જીવીત વીજતારને અડકી જતાં ભર બજારમાં જીવીત વીજ તાર તુટી પડતાં અફરાતફરીનો માહોલ સર્જાયો હતો. સદનસીબે જીવીત તાર નીચે કોઈ માણસ ન હોવાથી મોટી જાનહાની ટળી હતી.

ભિલોડા તાલુકા પ્રાથમિક શાળા નંબર-૨નું ગૌરવ

ભિલોડા તાલુકા પ્રાથમીક શાળા નંબર.૨નું ગૌરવ વિદ્યાર્થીઓએ વધારતાં આનંદની લાગણી પ્રસરી છે. કલા મહોત્સવ -૨૦૧૭ કાર્યક્રમમાં જીલ્લા કક્ષાના ચિત્રકલા સ્પર્ધામાં ભિલોડા તાલુકા પ્રાથમીક શાળા નંબર.૨નો વિદ્યાર્થી હિતેનકુમાર લક્ષ્મણભાઈ મકવાણાએ પ્રથમ સ્થાન પ્રાપ્ત કર્યુંહતું. પલ ભુપેશભાઈ પંચાલએ બાળકવિ સ્પર્ધામાં દ્વિતીય સ્થાન પ્રાપ્ત કર્યુંહતું. ભિલોડા તાલુકા પ્રાથમીક શાળા નંબર.૨નું ગૌરવ વિદ્યાર્થીઓએ વધારતાં આનંદની લાગણી પ્રસરી છે. ભિલોડા તાલુકા પ્રાથમીક શાળા નંબર.૨ આચાર્ય જગદીશભાઈ ડાભી, સ્ટાફ પરીવાર, બી.આર.સી.કો.ઓ., એસ.એમ.સી.સભ્યોએ વિદ્યાર્થીઓને બિરદાવ્યા હતા.

ખેડબ્રહ્મા જનરલ હોસ્પિટલના ડૉક્ટર હડતાલ પર, પ્રજા મુશ્કેલીમાં

ખેડબ્રહ્મા, તા. ૧૨

ખેડબ્રહ્માની જનરલ હોસ્પિટલના ડૉક્ટરો સોમવારે ઓપીડીમાં હાજર રહ્યા ન હતા. જેને લઈ તાલુકાના અંતરીયાળ ગામડામાંથી આવતી પ્રજાને ભારે હાલાકી ભોગવવાનો વારો આવ્યો હતો.

ખેડવા ગામના રમીલાબેન ધુળાભાઈ ગમારને ગાયનેક વિભાગમાં સારવાર લેવાની હોઈ તે સવારે આવેલા પરંતુ ઓપીડી બંધ હોઈ બેસી રહ્યા હતા. જ્યારે ખેડવાના ૧૪ વર્ષના અશોક પશાભાઈ તરારને ખૂબજ તાવ હોવાથી જનરલ હોસ્પિટલમાં આવેલા પરંતુ કેસ બારી બંધ જોઈ હમણા ખુલશે તેમ કરી બેસી રહ્યા હતા. જનરલ હોસ્પિટલમાં આવેલા દર્દીઓને ખબર જ ન હતી કે ડૉક્ટર હડતાલ પર છે.

ખેડબ્રહ્મા જનરલ હોસ્પિટલમાં રોજની ૩૫૦થી ૪૦૦ દર્દીઓની ઓપીડી હોય છે. પરંતુ સોમવારે ઓપીડી બંધ હોવાથી પેશન્ટ પાછા જતા રહ્યા હતા. જેને ખબર ન પડી તેવા પેશન્ટ બેસી રહ્યા હતા. ડૉક્ટરોની હડતાલના કારણે તાલુકાની ગરીબ પ્રજાને આર્થીક અને સમયની રીતે પણ હેરાન થવુ પડ્યુ હતુ.

પ્રાંતિજના ઈન્દ્રાજપુરમાં વિજ કરંટથી મૃત્યુ પામેલ પશુ માલિકને સહાય પેટે ત્રીસ હજાર આપવામાં આવ્યા

પ્રાંતિજ, તા. ૧૨

સાબરકાંઠા જિલ્લાના પ્રાંતિજ તાલુકાનાં ઈન્દ્રાજપુર ખાતે રહેતાં ખેડૂતના ઘર આગળ બાંધેલ પશુ ઉપર વિજળી પડતા પશુનું ઘટનાસ્થળે કમકમાટીભર્યુ મોત નિપજ્યું હતું જેને લઈને તાલુકા પંચાયતમાં રજુઆત કરવામાં આવતા પશુ સહાય પેટે પશુ માલિકને ૩૦ હજારનો ચેક એનાયત કરવામાં આવ્યો હતો.

પ્રાંતિજના ઈન્દ્રાજપુર ખાતે રહેતા લશ્મણસીંગ ચૌહાણ કે જેવોના ઘર આગળ બાંધેલ ભેંસ ઉપર વિજળી પડતાં તેનું ઘટનાસ્થળે મોત નિપજ્યું હતું જેને લઈને પશુમાલિક દ્વારા સહાય માટે પ્રાંતિજ તાલુકા પંચાયતમાં રજુઆત કરવામાં આવી હતી જેને લઈને તા.૧૨-૯-૨૦૧૭ના રોજ પશુ માલિક લશ્મણસીંગ ચૌહાણને તાલુકા પંચાયત ખાતે બોલાવવામાં આવ્યાં હતા. જયાં તાલુકા પ્રમુખ દક્ષાબેન રાઠોડ, જીલ્લાસંદસ્ય મિલ્કત સિંહ, બેચરસિંહ રાઠોડ, સુરેશભાઈ રાઠોડ, રાહુલભાઈ દ્વારા પશુ માલિકને પશુ સહાય પેટે ૩૦,૦૦૦નો ચેક આપવામાં આવ્યો હતો.

પ્રાંતિજ ક્રિસ્ટલ પબ્લિક સ્કૂલનું ગૌરવ

ત્રણ વિદ્યાર્થીઓ જિલ્લા લેવલે ચમક્યા : ટેક વોન્ડો કોમ્પીટીશનમાં ત્રણ વિદ્યાર્થીઓએ જીલ્લા લેવલે જીત હાંસલ કરી

પ્રાંતિજ, તા.૧૨

સાબરકાંઠા જિલ્લાનાં પ્રાંતિજ હિંમતનગર-અમદાવાદ નેશનલ હાઈવે આઠ ઉપર આવેલ ક્રિસ્ટલ પબ્લિક સ્કુલના ત્રણ વિદ્યાર્થીઓ

દ્વારા ખેલ મહાકુંભ ૨૦૧૭માં ટેક વોન્ડો કોમ્પીટીશનમાં જિલ્લા લેવલે જીત હાંસલ કરી.

હિંમતનગર સાબર સ્ટેડિયમ ખાતે યોજાયેલ ખેલ મહાકુંભ ૨૦૧૭ માં પ્રાંતિજની ક્રિસ્ટલ પબ્લિક સ્કૂલના ત્રણ વિદ્યાર્થી ઓ દ્વારા કોચ હાર્દિક બ્રહ્મભટ્ટના માર્ગ દર્શન નીચે ભાગ લીધો હતો. જેમાં પટેલ દિવ્ય એન ૨૫થી ૨૭ કિ.ગ્રા.માં બીજો નંબર પ્રાપ્ત કર્યો હતો જયારે પટેલ જીલ એમ અંડર-૧૪માં ૨૨-૨૪ કિ.ગ્રા વજનમાં અને ચૌહાણ તીર્થ ડી. ૨૧ થી ૨૩ કિ.ગ્રા વજનમાં બન્નેએ ત્રીજો ક્રમ પ્રાપ્ત કરી તાલુકામાં તથા જિલ્લામાં ક્રિસ્ટલ પબ્લિક સ્કૂલ તથા તેમનાં સમાજ કુળનું પ્રાંતિજનું નામ રોશન કર્યું છે. ત્યારે કોચ હાર્દિકભાઈ બ્રહ્મભટ્ટ તથા વિજય થયેલ ત્રણેય વિદ્યાર્થીઓને સ્કૂલના પ્રિન્સીપાલ ભાવિનીબેન શેઠ તથા શાળા પરિવાર તથા સ્ટ્રીટગણ દ્વારા અભિનંદન સાથે શુભ કામનાઓ પાઠવવામાં આવી છે.

પ્રાંતિજ અવરઓન વિદ્યાવિહાર તથા અવરઓન ઈંગ્લીશ મિડિયમ સ્કૂલમાં શાળા આરોગ્ય કેમ્પ યોજાયો

પ્રાંતિજ, તા. ૧૨

સાબરકાંઠા જિલ્લાના પ્રાંતિજ ખાતે આવેલ પ્રાંતિજ કેળવણી મંડળ સંચાલિત અવરઓન વિદ્યાવિહાર તથા અવરઓન ઈંગ્લીશ મિડિયમ સ્કૂલના બાળકોનો શાળા આરોગ્ય ચકાસણી કેમ્પ યોજાયો.

પ્રાંતિજ રેલ્વે સ્ટેશન ઉપર આવેલ પ્રાંતિજ કેળવણી મંડળ સંચાલિત અવરઓન વિદ્યાવિહાર તથા અવરઓન ઈંગ્લીશ મીડીયમ સ્કૂલ ખાતે શ્રેયસ ટ્રસ્ટ સંચાલિત શ્રી એમ.સી. દેસાઈ એન્ડ એન. એમ. દલાલ જનરલ હોસ્પિટલ પ્રાંતિજના મેનેજીંગ ટ્રસ્ટી તથા પ્રાંતિજ કેળવણી મંડળના મંત્રી રઈશભાઈ કસ્બાતીના માર્ગદર્શન દ્વારા પ્રાંતિજ હોસ્પિટલના ડૉકટર ખૂશ્બુબેન ચાવડા, જગદીશભાઈ તથા હોસ્પિટલ સ્ટાફ દ્વારા શાળાના આચાર્ય તથા શિક્ષકોના સાથ સહકારથી સતત ત્રણ દિવસ અવરઓન વિદ્યાવિહાર સંકુલમાં હાજર રહી શાળાના બાળકોના આરોગ્યની તપાસ હાથ ધરી હતી અને બાળકોને જરૂરીયાત મુજબ દવાઓ પણ આપવામાં આવી હતી.

બનાસકાંઠામાં પુર વેળાએ સેવાભાવી મહિલા અધિકારી ડી.એસ.ઓ. અનસુયાબેન જહાએ કપરી ફરજ બજાવી બન્યા કર્મયોગી

પુરગ્રસ્તોને ફુડ પેકેટ, કપડા અને બચાવવા માટે તેમની ટીમે કરી તનતોડ મહેનત : આ અધિકારીએ ૨૦૧૫-૨૦૧૭ માં પુરવેળાએ કરી પ્રસંશનીય કામગીરી

બનાસકાંઠામાં ગત જુલાઈ માસમાં ભારે વરસાદ અને રાજસ્થાનના જેતપુર ડેમ ઓવરફલો થયા બાદ તુટી જવાથી આફતના ઓફા ઉતર્યા હતા. જેમાં અનેક માનવ જીંદગી પશુ જીંદગીઓ તહસ નહસ થઈ હતી.

ત્યારે બ.કાં.ના મહિલા અધિકારી એવા ડીસ્ટ્રાક્ટ સપ્લાય ઓફિસર સુ.શ્રી. અનસુયા જહા કલેકટરશ્રી દિલીપ રાણાની રાહબરી હેઠફ રાત દિવસ એક કરી જિલ્લાના પુર ગ્રસ્તોને બચાવવા ફુડ પેકેટો પહોંચાડવા કપડા, તાડપત્રી, તંબુ, મેડીકલ સહાય પશુને ઘાસચારો અને પીવાનું પાણી વગેરે અને ખાસ તો પુરમાં ફસાયેલા લોકોની મહામુલી જીંદગી બચાવવા જીલ્લા પુરવઠા અધિકારી શ્રીમતી અનસુયા જહાએ તેમની ટીમ હેડ કલાર્ક હરિભાઇ, ચીફ સપ્લાય ઈન્સપેકટર કલાજી અને સપ્લાય ઈન્સપેકટરો, બ.કાં. જિલ્લા ફેરપ્રાઈઝ શોપ એસોસીએશનના તમામ તાલુકાના પુરવઠા ના. મામલતદારોની ટીમ રાત દીવસ એક કરી સાચા અર્થમાં કર્મયોગી બન્યા હતા.

જિલ્લાના જગાણા ખાતે ૨૪ કલાક શરૂ કરાયેલો કેમ્પમાંથી રાહત સામગ્રી હેલીકોપ્ટરો દ્વારા ટ્રકો દ્વારા તમામ તાલુકાઓમાં ખાસ થરાદ, અને ધાનેરા, કાંકરેજ, લાખણી, દિયોદર, વાવ, સુઈગામ સુધી અને પાલનપુર શહેર દાંતા, વડગામ,

અમીરગઢ, ઈકબાલગઢ, ડીસા સહિત ૨૯.૪૫.૭૭૫ ફુડ પેકેટ, ૧૩.૫૩.૧૩૮ પાઉચ, ૯૫૪૦૧ કીટ અન્ય સામગ્રી કપડા, તાડપત્રી, તંબુ ૮૧૯૫૭નું વિતરણ માઈક્રોપ્લાનીંગથી કરી તેમની નાદુરસ્ત તબીયત હોવા છતાં સતત દોડધામ કરી અને પગના ઢીંચણમાં દુખાવાના તકલીફ વેઠીને પણ પુરગ્રસ્તોની પડખે ૨૪ ઠ ૭ રાઉન્ડ ધ કલોક કામગીરી કરી હતી. તેઓએ ગત ૨૦૧૫ અને ચાલુ સાલે એમ બે વરસાદી પુરમાં સનિષ્ઠા પુર્વક ફરજ બજાવી હતી.

પ્રધાનમંત્રી ગ્રામીણ ડીજીટલ સાક્ષરતા અભિયાન હેઠળ સુંદર કામગીરી

ધનસુરા, તા. ૧૨

પ્રધાનમંત્રીના ડીજીટલ ઈન્ડિયાના સ્વપ્નને સાકાર કરવા માટે સરકાર વિવિધ અભિયાનો ચલાવી રહી છે એમનું એક છે પ્રધાનમંત્રી ગ્રામીણ ડીજીટલ સાક્ષરતા. આ અભિયાનમાં વિનામૂલ્યે (PMGDISHA) પીએમજીદિશાના કોર્સની તાલીમ આપવામાં આવે છે. અરવલ્લીના ગ્રામીણ વિસ્તારના વિદ્યાર્થીઓને અને લોકોને ખુબ જ સારો ફાયદો થયો છે અને ખુબ સારો પ્રતિસાદ મળ્યો છે ત્યારે અરવલ્લી જિલ્લાના ધનસુરા તાલુકામાં પણ વિદ્યાર્થીઓને આ કોર્સનો લાભ મળી રહ્યો છે.

ધનસુરા તાલુકાની જે.એસ. મહેતા હાઈસ્કૂલમાંના ૨૫૦ વિધાર્થીઓએ રજીસ્ટ્રેશન કરાવ્યુંહતુ જેમાંથી ૧૫૦ વિધાર્થીઓને જે.એસ. મહેતા હાઈસ્કૂલના આચાર્ય પ્રકાશભાઈ દેસાઈને આપવામા આવ્યા હતા અને તેમની ઉપસ્થિતિમાં તેમના હસ્તે કેટલાક વિદ્યાર્થીઓને પ્રમાણપત્રો એનાયત કરાયા હતા.

અરવલ્લી જિલ્લાના સીએસસીના ડીસ્ટ્રીકટ મેનેજર મિહીરભાઈ પંચાલ અને કૌશલભાઈ સોનીએ જણાવ્યું હતુ કે આ યોજનાનો લાભ અરવલ્લીના લોકો લઈ રહ્યા છે. તેમણા જણાવ્યા મુજબ અરવલ્લી જીલ્લાના તમામ તાલુકાઓમાં આ યોજના ચાલુ છે અરવલ્લીના ૧૫૦ સેન્ટરો પર આ યોજના હેઠળ પીએમજી દિશા કોર્સ શીખવવામાં આવે છે. અત્યાર સુધી ૧૫૦ સેન્ટરોમાં ૭૨૦૦ વિદ્યાર્થી ઓએ રજીસ્ટ્રેશન કરાવ્યું છે. ૧૬૫૦ વિદ્યાર્થીઓ પાસ થઈ ચુક્યા છે તેમને પ્રમાણપત્રો આપવામાં આવી રહ્યા છે.

અરવલ્લીના ધનસુરાની જેએસ મહેતા હાઈસ્કૂલમાંથી ૨૫૦ વિદ્યાર્થીઓએ રજીસ્ટ્રેશન કરાવ્યું હતું જેમાંથી ૧૫૦ વિદ્યાર્થીઓને પ્રમાણપત્રો એનાયત કરવામાં આવ્યા હતા. આ અભિયાનમાં કમ્પ્યુટરનું બેજીક શિક્ષણ આપવામાં આવે છે. આઉપરાંત કેસલેશ ટ્રાન્જેકશન, ઈમેઈલ મોકલવો, સરકારી વેબસાઈટોનો ઉપયોગ, ડીજીટલ લોકર, કોમ્પ્યુટરનું પાયાનું શિક્ષણ આપવામાં આવે છે. આ કોર્સ માં વિનામૂલ્યે તાલીમ આપવામાં આવે છે.

આ યોજનામાં ૧૪ થી ૬૦ વર્ષની ઉંમરના લોકો આ યોજનાનો લાભ મેળવી શકે છે. આ યોજનામા અરવલ્લીમાં એપ્રિલ-૨૦૧૭થી અત્યાર સુધીમાં ૭૨૦૦ લોકોએ રજીસ્ટ્રેશન કરાવ્યું છે. અરવલ્લીના દરેક તાલુકાના દરેક ગામના વિધાર્થીઓ અને લોકો લાભ લઈ રહ્યા છે.